# સેક્ટર-૩ ન્યૂ : ઝૂંપડાઓની નવી વસાહત





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પ્રવેસદ્વાર સમા ઘ-૧ પાસે આવેલ ૩-ન્યુ સેક્ટરની હદમાં વનવિભાગની ઝાડીઓમાં ઝૂંપડાઓનું દબાણ ખુબ વધી જવા પામ્યું છે. દબાણતંત્ર દ્વારા સત્વરે આનો ઉકેલ નહીં લાવવામાં આવે તો શહેરમાં નવીન ઝુંપડપટ્ટીનું નિર્માણ થાય તેવી શક્યતા છે. દિવસે દિવસે આ જગ્યામાં ઝૂંપડાઓની સંખ્યામાં રોકેટગતિએ વધારો થતાં સેક્ટરવાસીઓ પણ ચિંતાગ્રસ્ત બન્યા છે. આ વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓને પણ દિવસે ને દિવસે વેગ મળી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં સે.-૩-ન્યુ વિસ્તારમાં વન વિભાગની ઝાડીઓમાં દિવસે ને દિવસે ઝૂંપડાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ વધારાને અટકાવવાનું કામ તંત્ર દ્વારા સત્વરે કરવામાં આવે તેમ ઈચ્છી રહ્યા છે. તંત્ર દ્વારા પછીથી ઝૂંપડા હટાવવા પડે એના કરતા આ જગ્યા ઉપર પહેલેથી જ દબાણ અટકાવવા માટેના પ્રયત્નો થાય તો જ આનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ છે. ઝૂંપડાઓની આખી વસાહત અહીંયા થવાથી ત્યાના સ્થાનિક પ્રશ્નો પણ ઉત્પન્ન થતા હોય છે. વસાહતમાં રહેતા લોકો કુદરતી હાજતે ખુલ્લામાં જાય છે. તેથી સેક્ટરમાં રહેતા લોકોને દુર્ગંધનો સમાનો કરવો પડે છે.

ઘ-૧ થી સેક્ટર-૩-ન્યુમાં ચાલીને જવા માટે એ ઝાડીઓમાં થઈ જવાય છે. પરંતુ ગંદકીના કારણે લોકો રોડ ઉપરથી જ જવાનું પસંદ કરે છે. ઝૂંપડામાં રહેતા લોકો સેક્ટરમાં નજીકના મકાનોમાં પાણી ભરવા માટે આવે છે ત્યારે અવારનવાર ઝઘડાં પણ થાય છે. સેક્ટરની બહેનો વહેલી સવારે ત્યાં થઈ પસાર પણ થઈ શકતી નથી. આથી જ આ ઝૂંપડાઓને તંત્ર દ્વારા દૂર અથવા વૈકલ્પિક વ્યવસ્થા થાય તેમ ઈચ્છી રહ્યા છે. આ જગ્યા ઉપર ચરેડી પાટીયા પાસે આવેલી ઝુંપડપટ્ટી જેવી સ્થિતિ ઉત્પન્ન થશે.

સરકારી જમીન ઉપર બાંધવામાં આવેલ કાડા ઝૂંપડાને પણ ત્યાં લાઈટ પાણીના કનેક્શન સરકારી ખર્ચે આપવામાં આવ્યા છે. અને અત્યારે કાયમી વસવાટ ઉભો થઈ ગયો છે. અત્યારે સેક્ટર-૬માં જે સ્થિતિ થઈ છે તેવા દિવસો ના આવે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે. આજ ઝૂંપડપટ્ટીમાં વન વિભાગ દ્વારા કરવામાં આવેલ ફેન્સીંગની ઝાડીને પણ નુકશાન પહોંચાડી તેની અંદરના ભાગમાં ઝૂંપડાઓ ઉભા કરવામાં આવી રહ્યા છે.

વન વિભાગ દ્વારા ગાંધીનગરને ફરીથી હરિયાળુ નગર બનાવવાના ભાગરૂપે ચોમાસા પહેલા જે વૃક્ષોના છોડ રોપવામાં આવે છે તેને પણ નુકશાન પહોંચાડીને આ લોકો જાણે પોતાની માલિકીની જગ્યા એ જ પોતાના ઝુંપડા ઉભા હોય તેમ વનવિભાગ અને સ્થાનિકો જોડે વર્તન કરી રહ્યા છે. આ જગ્યા ઉપર વન વિભાગની મહા મહેનતે ઉભા થયેલા લીમડાના આખા વનને પણ ઝૂંપડાવાસીઓ નુકશાન પહોંચાડી રહ્યા છે. લાકડા પાડી અને પછી તેનો ઉપયોગ રસોઈ રાંધવા માટે કરતાં હોવાનું પણ માલુમ થયું છે. સ્થાનિકો આ પ્રશ્નોનું નિરાકરણ તંત્ર દ્વારા આવે તેમ ઈચ્છી રહ્યા છે.

(તસવીર : નિકેશ બારોટ)
(અહેવાલ : ધીરેન પટેલ)

## ભુલા પડી ગયેલાં આદિવાસી મા-પુત્રી 'માતૃછાયા'ના શરણે

ગાંધીનગર, તા. ૪

શાળાએથી છુટતુ બાળક અને ઓફિસથી છુટતા કર્મચારીઓને ઘરે પહોંચવાની સૌથી વધુ ઉતાવળ હોય છે. દિ આથમતા પક્ષીઓ પણ પોતાના માળામાં પાછા ફરે છે. કારણ કે ધરતીનો છેડો ઘર છે, ઘરમાં જે અદમ્ય શાંતિ મળે તે બીજે ક્યાંય નથી મળતી. જરા વિચાર કરો જો આજ ઘર ખોવાઈ જાય તો. પોતાનું ઘર ભૂલી ગયેલી અભય આદિવાસી મહિલા અને તેની દીકરીને ગાંધીનગરના નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા'માં આશરો આપી તેનું ઘર અને પરિવારજનો શોધવામાં આવી રહ્યા છે. ગયા મહિને કલોલ પોલીસને સઈજ નજીક આવેલ ગણેશ પેટ્રોલપંપ પાસેથી આદિવાસીની એક મહિલા નાની બાળકી સાથે મળી આવી હતી. રસ્તા પરથી મળી આવેલી આ



મહિલાને તેના ઘરનું સરનામુ પુછવામાં પોલીસ નિષ્ફળ રહી હતી. સાવ અભણ જણાતી આ મહિલા શુ બોલે છે તે સમજવુ પોલીસકર્મીઓ માટે શક્ય ન હતુ. મહા મહેનતે એટલું જાણી શકાયું હતું કે તેનું નામ પ્રિતિ, દીકરીનું નામ રાની અને પતિનું નામ મગનલાલ છે. ક્યાં જવું છે એવું પુછીએ તો તે એટલુંજ કહે છે કે મગનલાલના ઘરે ! આ નિરાધાર મહિલાનું સરનામુ ન મળતા છેલ્લા એક મહિનાથી તે ગાંધીનગરના નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા'માં આશરો લઈ રહી છે. સંસ્થાના સંચાલક દક્ષાબેન તથા અહીં રહેતી અન્ય બહેનો આ મહિલા અને તેની દીકરીની ખૂબ કાળજી લઈ રહ્યા છે અને તેની પાસેથી તેના ઘરનું સરનામુ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોલીસ પણ પુરતા પ્રયત્નો કરી રહી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ મહિલા તેના પતિ અને કુટુંબના અન્ય સભ્યો સાથે મજુરી કામે કલોલ સુધી આવી હશે અને અહીં ભુલી પડી ગઈ હશે અથવા તો પતિએ તેને તરછોડી દીધી હશે. આ મહિલાનું વર્તન વિચિત્ર છે અને શું બોલે છે તે કોઈને કંઈ જ સમજાતુ ન હોવાથી તેના ઘરનું સરનામુ શોધવામાં મુશ્કેલી પડી રહી છે.

## સે. ૨૪ની પરિણીતાનો નભોઈ કેનાલમાં ઝંપલાવી આપઘાત

### વહેલી સવારે ઘરેથી ચાલી ગઈ હતી : દવાખાનાનું કાર્ડ મળતા ઓળખ થઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ હરસિદ્ધનગર વિસ્તારમાં રહેતી ૩૭ વર્ષિય પરિણીતાએ આજે સવારે કોઈ અગમ્ય કારણોસર નભોઈ કેનાલમાં ઝંપલાવીને મોતને વ્હાલુ કરી દીધુ હતુ. મૃતદેહ પાસેથી એક દવાખાનાનું કાર્ડ મળતા પરિણીતા સે. ૨૪ની હોવાનું બહાર આવ્યુંહતું અને તેણીની ઓળખ થઈ હતી. અડાલજ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડ આજે સવારના સુમારે નભોઈ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળ્યો હતો ત્યારે કેનાલના પાણીમાં એક મહિલાનો તરતો મૃતદેહ દેખાતા અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લેવામાં આવી હતી. પી.એસ.આઈ. રાઠવા તેમની ટીમ સાથે સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા એક દવાખાનાનું કાર્ડ મળી આવ્યું હતું. કાર્ડના સરનામા આધારે તપાસ કરતાં સે. ૨૪ હરસિદ્ધનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૨૩૫માં રહેતી ૩૭ વર્ષીય નેહલબેન સંજયકુમાર દ્વિવેદી હોવાનું જાણવા મળ્યું હતું. નેહલબેનના લગ્ન પાંચ વર્ષ અગાઉ થયા હતા જેમને સંતાનમાં સાડા ત્રણ વર્ષનો દિકરો પણ છે. તેણીના પતિ સંજયકુમાર છુટક ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે. નેહલબેનનું આપઘાતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. અડાલજ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## કિશોરના અપહરણકારો ૩ દિવસના રિમાન્ડ પર

### અપહરણ માટે વપરાયેલી ગાડીમાંથી ફિંગરપ્રિન્ટ લેવા એફએસએલ બોલાવાઈ

ગાંધીનગર, તા. ૪

મર્ડર-૩ ફિલ્મ જોઈને રાતોરાત અમીર બની જવાની લાલસા રાખીને એક સગીર સહિત ત્રણ શખ્સોએ મળીને શહેરના સી.એ.ના ૧૫ વર્ષના દિકરાનું અપહરણ કરીને રૂ. ૫૦ લાખની ખંડણી માંગ્યાની ચકચારી વિગતો ખુલી હતી જે ત્રણેય આરોપીઓને પોલીસે પકડી લીધા હતા. આરોપીઓની પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે સગીર સિવાયના બન્ને આરોપીઓની પુછપરછ માટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. અપહરણ માટે વપરાયેલી ગાડીમાંથી ફિંગરપ્રીન્ટ લેવા માટે પોલીસે એફએસએલની મદદ લીધી હતી.

કુડાસણ પાસેની સિમંધર બંગ્લોઝ સોસાયટીમાંથી સી.એ.ના દિકરાનું એક ગાડીમાં ત્રણ શખ્સો અપહરણ કરી નાસી ગયા હતા. અને ૫૦ લાખની ખંડણી માંગી હતી. પોલીસે સઘન તપાસ શરૂ કરી દેતા ગભરાઈ ગયેલા નવા નિશાળીયા અપહરણકારો સચિન ઠક્કર અને રાહુલસિંગ તથા એક વાવોલ ગામનો સગીર કિશોર સે. ૫ના એક ગલ્લા પાસે મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે તપાસ શરૂ કરીને બીજા દિવસે મોડી રાત્રે ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી હતી. જેમાં એક સગીર વયનો કિશોર હોવાનું ખુલ્યુ હતુ. તેને બાળ અદાલતમાં રજુ કરી દેવામાં આવ્યો હતો. અન્ય બન્ને અપહરણકારોને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે વધુ પુછપરછ માટે ૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. અપહરણ કરવા માટે લઈ જવાયેલી ફ્રન્ટી ગાડીને પોલીસે જપ્ત કરીને તેમાંથી ફિંગરપ્રિન્ટ મેચ કરવા એફએસએલના ફિંગર ફ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી મદદ લેવામાં આવી છે.

## ઘ-૫ ચોપાટી બજારમાં આડેધડ પાર્કિંગથી જનતાને પરેશાની

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં ઘ-૫ સ્થિત ચોપાટી બજાર આગળ રાતના સુમારે જમવા આવતા સ્વાદના સોખીનો રસ્તા વચ્ચે કાર મુકીને જતા રહે છે. આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકોને કારણે ઘ-૫ થી ગ-૫ તરફ જતા અન્ય વાહનચાલકોને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમજ અવારનવાર નાના-મોટા અકસ્માત પણ અહીંયા સર્જાતા રહે છે. તંત્ર યોગ્ય કાર્યવાહી કરીને વાહનચાલકોને પાઠ ભણાવે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

શહેરના ઘ-૫ વિસ્તારમાં શહેરનું સૌથી મોટુ ખાણી-પીણી બજાર આવેલું છે. જ્યાં દરેક વ્યક્તિને પોતાની મનપસંદ વાનગી જમવા માટે મળી રહે છે. સાંજના સુમારે શહેરીજનો પોતાના પરિવાર સાથે અહીંયા ખાણીપીણી બજારમાં આવે છે. રાતના સુમારે અહીં મેલા જેવો માહોલ સર્જાય છે. ઘ-૫ થી ગ-૫ તરફ જવાના માર્ગ પર ખાણી-પીણી બજારમાં આવતા લોકો ગમે તેમ પાર્કિંગ કરી દે છે. જેથી અન્ય લોકોને પણ પોતાના વાહન નીકાળવા માટે તકલીફ પડે છે. તેમજ અસંખ્ય વાહનો ગમે તેમ પાર્ક થતા આ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. તેમજ વાહનચાલકો ગાડી રીવર્સ લેતા પાછળની બાજુએ ધ્યાનમાં રાખતા નાના-મોટા અકસ્માત પણ સર્જાય છે. અને લોકોને ઈજાઓ પહોંચે છે. ખાણી-પીણી બજાર આગળથી પસાર થતાં અન્ય લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે અન્ય વાહનચાલકો આ માર્ગ પરથી પસાર થવાનું પણ ટાળે છે. રસ્તા વચાળે ગમે તેમ મુકતા વાહનચાલકોને તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરીને પાઠ ભણાવે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

## ઘ-૪ ગાર્ડન રોડ પર આડેધડ પાર્ક થતા વાહનોથી ટ્રાફીકની સમસ્યા વધી

ગાંધીનગર, તા. ૪

ઉનાળાના આકરા તાપ અને અસહ્ય બફારાથી શહેરીજનો પરેશાન છે. ગરમી અને લૂ ની અસરથી બચવા શહેરીજનો બપોરથી સાંજનો સમય ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. એવામાં થોડી રાહત મેળવવા માટે શહેરીજનો અવનવા નુસખા અપનાવે છે. ત્યારે ગરમીથી છૂટકારો મેળવવા શહેરીજનો ગાંધીનગરમાં ઘ-૪ સર્કલ પર આવેલા બગીચાથી ગાંધીમંદિર સુધીના બગીચા અને માર્ગ પર આવતા સહેલાણીની સંખ્યા વધી જાય છે. રાત્રીના સમયે બગીચામાં બેસીને, મિત્રો,પરીવાર સાથે ગપ્પા મારીને રાહત મેળવે છે. શહેરીજનો પોતાના વાહનો રોડ પર આડેધડ પાર્કીંગ કરે છે. જ્યાંથી ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે.

શહેરના વિધાનસભાની સામે આવેલા બગીચા, ગાંધી મંદિર રોડ પર રાતના સમયે ફરવા આવતી પ્રજાજનોમાં વધારો થઈ રહ્યો છે. સાંજનું વાળુ લીધા બાદ, પાટનગરવાસીઓ થોડા ઠંડા વાતાવરણમાં ફરવાનું પસંદ કરે છે. મિત્રો, પરિવારના સભ્યો સાથે ગાર્ડનની અંદર અને તેની આસપાસ પર ફૂટપાથ પર ભારે ભીડ જામતી હોય છે. ગરમીમાં રાહત મળે અને ફરવા હેતુસર પ્રજાજનોમાં ઘ-૪ ગાર્ડનમા આવતા હોય છે. આ ઉપરાંત ગાર્ડનની આસપાસ સોડા સોપ, બરફગોળા, આઈસ્કીમ, જ્યુસ વગેરેની લારી આવેલી હોય છે. આ લારીઓ રોડની સાઈડને અડીને ઉભી રહેતી હોય છે. તેથી લારી પર સોડા પીવા આવતા, ગોળા ખાવા, આઈસ્કીમ ખાવા આવતા ગ્રાહકો દ્વારા રોડ પર જ પોતાના વાહનો પાર્ક કરીને ઉભા રહી જાય છે. એક પછી એક આવતા આવા અસંખ્ય વાહનોથી ઘ-૪ સર્કલ ગાર્ડનના માર્ગ પર ટ્રાફિકની ભારે સમસ્યા ઉભી થાય છે. ઉપરાંત પ્રજાજનો પોતાના વાહનો પાર્ક કરીને બગીચામાં બેસવા જતા રહે છે. ત્યારે આગળ પાર્ક કરેલ વાહનોને નીકળવાનો માર્ગ નથી રાખતા. જેથી ભારે ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે. આ ઉપરાંત બગીચાની ફરતે ચાલવા નીકળતા પગદારીને પણ ચાલવામાં તકલીફ પડે છે. રાત્રીના સમયમાં ઘ-૪ ગાર્ડનની આસપાસ આ રોડ પર ભરચક વાહનોની અવરજવરના કારણે ટ્રાફિકની સમસ્યા ઉભી થઈ છે. ત્યારે ટ્રાફિક પોલીસ તંત્ર રાત્રીના સમયે રૂબરૂ પેટ્રોલિંગ કરી માર્ગ પર આડેધડ વાહનો પાર્ક કરતા વાહન માલિકો સામે કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવેલ હતા.

જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં ઉપપ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની રજુઆત અંગે ફેરવિચારણા કરાતા તથા તેઓને ફાળવવામાં આવેલ શિક્ષણ તથા મોંઘવારીના પ્રશ્નો હવેથી કાર્યવાહી કરવાનું સંગઠનમંત્રી હસમુખભાઈ ઠાકરને સોંપવામાં આવ્યું હતું. પદાધિકારી દ્વારા કરવામાં આવતા લખાણોની નકલો ઉપપ્રમુખ ભાનુપ્રસાદને જ આપવાનું કરવામાં આવેલું તે પ્રથા હવેથી બંધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. પદાધિકારીઓને સચિવાલયમાં સંસ્થાના કાર્યાર્થે જવા પાસ તેમજ કારોબારી સભ્યોના જન્મદિવસે શુભેચ્છાપત્ર પાઠવવાની કામગીરી મહામંત્રી નિરંજન ઓઝાને સોંપવામાં આવી હતી.

ઉત્તમ જાહેર વહીવટની બાબતને કેન્દ્રમાં રાખીને 'જાગૃત નાગરીક પરિષદ'ના સેવાના કાર્યોને સંબંધિત સમયાન્તરે પત્રકાર મિત્રો સાથે સહચિંતન કરવાના કાર્યક્રમોનું આયોજન કરવા તેમજ ડી.એમ. પરમાર તથા અંબાલાલ રાવલની કારોબારી સભ્ય તરીકે સહવરણી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. બેઠકમાં ચર્ચા-વિચારણામાં લાલજીભાઈ વાડીઆ, જ્યોતિન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, નિરંજન ઓઝા, સોમાભાઈ પરમાર વગેરેએ મહત્વનું યોગદાન આપ્યું હતું. બેઠકમાં હાજર રહેલા સભ્યોએ આભાર માની, પ્રાર્થના કરી અધ્યક્ષે બેઠકનું સમાપન કર્યુંહતું.

## મેલેરીયા જનજાગૃતિ આરોગ્ય વિષયક શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૪

શહેરી મેલેરીયા યોજના અને ગાંધીનગર મહાનગરપાલિકા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સેક્ટર-૨૪ના સાંઈબાબા મંદિર સામેના છાપરામાં મેલેરીયા જનજાગૃતિ આરોગ્ય વિષયક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મેલેરીયા જનજાગૃતિ આરોગ્ય વિષયક શિબિરમાં વોર્ડ નં. ૫ના કોર્પોરેટર પ્રવીણાબેન દરજી અને સુરેશ મહેતાએ મેલેરીયા વિશે માર્ગદર્શન આપી સ્થાનિક વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તથા મચ્છરોનો ઉપદ્રવ ન થાય તે માટે જાગૃત કર્યા હતા. ચોમાસાની સીઝનને ધ્યાને રાખી પોરાનાશક કામગીરી, મચ્છર ઉત્પત્તિ, અટકાયત પગલાં, પોરા ભક્ષક માછલી વિશે મેલેરીયા અધિકારી મમતાબેન દત્તાણીએ, સમજૂતી આપી હતી. હરેશ જોષી, ડી.જી. માણિક, કેશાભાઈ રાઠોડ, એ.એચ. પઠાણ, દેવાભાઈ નાયી, કનુભાઈ વાળંદ, કેશાજી પરમાર, ઘનશ્યામભાઈ વગેરે દ્વારા પોરાનું નિદર્શન, પોરા ઉદ્ભવ સ્થાન, પોરા ભક્ષક માછલીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્યની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૫

### તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૮ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
યે જવાની હૈ દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦

: સ્ક્રીન-૩ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦
યે જવાની હૈ દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫

: સ્ક્રીન-૪ :
યે જવાની હૈ દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

**સૂર્યા, વાવોલ**

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
જવાની દિવાની : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
આશિકી-૨ : ૧૦.૧૫
જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦
જવાની દિવાની : ૧.૦૦
જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ચિરાગ, કલોલ**

યે જવાની હૈ દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

**કુંભ** : સંગીતમાં ક્ષેત્રમાં રુચિ વધશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મીન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

### ચિરવિદાય

- સ્વ. લલિતાબેન મનજીભાઈ શર્મા (ઉ.વ. ૯૪) ૧૬, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેકટર- ૨૧, ગાંધીનગર.
- સ્વ. ગૌરવભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (ઉ.વ. ૨૩) પ્લોટ નં. ૮૬, સર્વોદયનગર, સેકટર- ૩૦, ગાંધીનગર.
- સ્વ. નેહલબેન સંજયકુમાર દ્વીવેદી (ઉ.વ. ૩૫) પ્લોટ નં. ૨૩૫, સેકટર- ૨૪, ગાંધીનગર.
- સ્વ. પર્વતજી ધૂળાજી સોલંકી (ઉ.વ. ૩૫) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.